**DATE: 19/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### રાજપારડી પોલીસની ટીમે એક મકાનમાં દરોડો પાડયો હતો

# ઝઘડિયાના તરસાલી ગામે ગૌમાંસ વેચનાર એક ઝડપાયો, ત્રણ ફરાર

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

રાજપારડી પોલીસને બાતમી મળી હતી કે નવી તરસાલી ગામે હાસીમ ચોકમાં રહેતા તાજુદ્દીન અબ્દુલ મલેક રહેણાંક મકાનમાં ગૌમાંસ વેચાણ કરે છે. પોલીસે દરોડોપ પાડતાં તાજુદ્દીન અબ્દુલ મલેક, મુબારક, મુહમ્મદીબેન અબ્દુલ મલેકનાઓ ત્યાંથી ભાગી ગયા હતાં જયારે અબ્દુલ હક ઈદ્રીશ મિર્ઝાઝડપાઈ ગયો હતો. મકાનમાંથી ગૌવંશનુ માંસ વેચાણ અર્થે ખુલ્લુ તથા ફ્રીઝની અંદર સંગ્રહ કરેલું મળી આવ્યું હતું. પોલીસે 40 કિલો વંશનો માસ, કતલ કરવા માટે બાંધેલો એક વાછરડો, ત્રણ મોબાઈલ, બે બાઈક મળી રૂા. 1.29 લાખનો




મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ત્રણેય વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 2020માં જીઆઇડીસી પોલીસમાં ગુનો નોંધાયો હતો

# અંકલેશ્વરમાંથી બાઈક ચોરી જનાર મધ્યપ્રદેશથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ ફરાર આરોપી તેમજ પેરોલ જમ્પ કરી ભાગેલા આરોપીને ઝડપી પાડવા માટે પી.આઈ. એ.કે. જાડેજા દ્વારા એક ટીમ નેમાહિતી આધારે એમ.પી મોકલી હતી જ્યાં હ્યુમન સોર્સ અને ટેક્નિકલ સર્વેલન્સ આધારે ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર જીઆઈડીસીપોલીસ મથકે 2020 માં નોંધાયેલ વાહન ચોરી ફરિયાદ નો વોન્ટેડ રેવિન બચલીયા અવાસીયા પોતાના આમલાગામ ખાતે અલીરાજપુર હોવાની માહિતી મળી હતી જે માહિતી આધારે ફર્લો ટીમ દ્વારા તેને ઘર દબોચીલીધો હતો. અને અંકલેશ્વર લઈ આવી જીઆઈડીસી પોલીસ ના હવાલે કર્યો હતો. 2020 માં ચોરી ના ગુના માં વોન્ટેડ હતો. છેલ્લા 5 વર્ષ થીપોલીસ ચોપડે વોન્ટેડ ચોર ને પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ એ ઝડપી પાડ્યો હતો.

DATE: 20/05/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-01

# અંકલેશ્વરમાં બાઈક ચોરીના ગુનામાં ૫ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૯

અંકલેશ્વર જી.આઇ.ડી.સી. પોલીસ મથકના બાઇકચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમે ઝડપી પાડ્યો હતો.

પાંચ વર્ષ અગાઉ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકની હદમાં આવેલ સારંગપુરની સોસાયટી માં ઘર આંગણે પાર્ક કરેલી હોન્ડા બાઈકની ચોરી કરનાર આરોપી અંગે બાતમી મળતા તેને મધ્ય પ્રદેશ ખાતેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે રેવિન બચલીયા અવાસિયા નામના વાહન ચોરની અટકાયત કરી જીઆઈડીસી પોલીસને સોંપતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 20/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જંબુસરમાં 5 જુગારી 15 હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

**ભરૂચ** | ભરૂચ એલસીબીની ટીમ જંબુસર ડીવીઝન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતી તે વેળા સ્વામિનારાયણ મંદિર ની સામે આવેલ શનિયાવડ ફળિયાની ખુલ્લી ફળિયામાં રાત્રિ દરમિયાન કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમી મળતા રેડ કરતા જુગાર રમતા પાંચ ઈસમો અંબુ રાઠોડ, આસિફ શેખ, સઈદ શેખ, શબ્બીર પટેલ અને કમલેશ વાઘેલા સહિત કુલ રૂપિયા 15,720ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે અન્ય બે ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

**DATE: 20/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# ભરૂચમાં ભાડુઆત રજિસ્ટ્રેશન/ પરપ્રાંતીય શ્રમિકોના વેરિફિકેશનના જાહેરનામા ભંગના 708 ગુના નોંધાયા

**જિલ્લા** પોલીસની સ્પેશિયલ ડ્રાઈવ, સૌથી વધુ અંકલેશ્વર GIDCમાં 63 મકાનમાલિક સામે કેસ નોંધાયા



ભરૂચઃ ભરૂચ જિલ્લાનાં 26 પોલીસમથક દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત માત્ર 3 દિવસમાં ભાડુઆત રજિસ્ટ્રેશન/ પરપ્રાંતીય શ્રમિકોના વેરિફિકેશન અંગેના જાહેરનામા ભંગના કુલ 708 ગુના દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં અંકલેશ્વર GIDC પોલીસે મકાન માલિકો સામે સૌથી વધારે કેસ કર્યા છે.

ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર પરપ્રાંતિય ઈસમોને મકાન/દુકાનો ભાડે આપેલ તેમજ પરપ્રાંતિય શ્રમિકોના વેરિફિકેશન અંગે ચેકિંગ હાથ ધરવા માટે તા. 16થી 18 મે, 2025 સુધી 3 દિવસ માટે સ્પેશિયલ ડ્રાઈવ રાખવામાં આવી હતી. આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા પોલીસમથકના આધારે અલગ અલગ ટીમો બનાવી ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાડુઆત રજિસ્ટ્રેશન/ પરપ્રાંતીય શ્રમિકોના વેરિફિકેશન અંગે નોંધણી ન કરાવનાર વિરુદ્ધ જાહેરનામા ભંગના કુલ 708 કેસ નોંધવામાં આવ્યા છે. જેમાં અંકલેશ્વર GIDC પોલીસે સૌથી વધારે 58 કેસ મકાન માલિકો સામે કર્યા છે. જ્યારે દહેજ પોલીસમાં મકાન માલિક અને વેરિફિકેશન માટે કુલ 83 કેસ કર્યા છે.આગામી દિવસોમાં આ દિશામાં વધુ કામગીરી હાથ ધરાશે.

**DATE: 20/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# નેત્રંગમાં વોન્ટેડ બુટલેગરના ઘરેથી રૂ.1.66 લાખનો દારૂ ઝડપાયો

ભરૂચ: નેત્રંગનાં નોડીયા કંપની પાસે રહેતો બુટલેગર વિપુલ મહેન્દ્રભાઈ વસાવાએ વિદેશી દારૂ લાવીને મોવી રોડ પર ખેતરમાં બનાવેલા ઘરમાં સંતાડી રાખ્યો હોવાની ભરૂચ એલસીબીને બાતમી મળતા રેડ કરી હતી. પોલીસે ઘરમાંથી વિદેશી દારૂની બોટલ કુલ-474 જેની કિંમત રૂ.1 ,66 ,800/- મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.ભરૂચ LCB પોલીસે નેત્રંગ પોલીસમાં પ્રોહીબીશનનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.



**DATE: 20/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### અંકલેશ્વર: બી ડિવિઝન પોલીસની કાર્યવાહી

# નેશનલ હાઈવે પરથી ટ્રકમાં લઈ જવાતા ૨૭ પશુને મુક્ત કરાવ્યાં

## ટ્રક ચાલક સહિત ૪ આરોપીઓની અટકાયત કરાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે નેશનલ હાઈ વે નંબર ૪૮ પર રાજપીપળા ચોકડી પાસેથી બે ટ્રકમાં ક્રુરતાપૂર્વક બાંધી લઈ જવાતી ૨૭ ભેંસને મુક્ત કરાવી કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી છે

અંકલેશ્વરના ગડખોલ ગામમાં આવેલી સત્યમ પાર્ક સોસાયટીમાં રહેતા આશિષ સોની અને તેના મિત્રો રાત્રિના સમયે નેશનલ હાઈવે નંબર ૪૮ પર રાજપીપળા ચોકડી પાસે હતા તે દરમિયાન ટ્રકમાં શંકાસ્પદ હાલતમાં પશુઓની હેરાફેરી થઈ રહી હોવાનું તેઓને જાણવા મળ્યું હતું જેના આધારે તેઓએ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી.પોલીસના કર્મચારીઓએ રાજપીપળા ચોકડી પાસે વર્ષા હોટલ નજીક પહોંચી તપાસ કરતા બે ટ્રકમાં ક્રુરતા પૂર્વક બાંધેલ હાલતમાં ૨૭ ભેંસ મળી આવી હતી. આ અંગે ટ્રકના જીશાન મન્સૂરી, ક્લીનર ઈમરાન જમાદાર તેમજ અન્ય ટ્રકના ચાલક આરીફ શેખ અને આબીદ સુલ શેખની પૂછતાછ કરતા તેઓ પાસેથી પશુઓની હેરફેર અંગેના કોઈ આધાર પુરાવા મળી આવ્યા ન હતા. આથી પોલીસે ચારેય આરોપીની અટકાયત કરી હતી અને તેઓ પાસેથી રૂપિયા ૨.૭૦ લાખની ૨૭ ભેંસ અને રૂપિયા ૧૪ લાખની કિંમતની બે ટ્રક સહિત ૧૬.૭૦ લાખનો મુદ્દામાલ જપ્તકરી તેઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 21/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### કામદારોનું પોલીસ વેરિફિકેશન નહિ કરાવનાર

# ઝઘડિયા જીઆઈડીસીની નિરામય કેમિકલના માલિક સામે ગુનો નોંધાયો

ઝઘડિયા,તા.૨૦

ઝઘડિયા જીઆઈડીસી પોલિસે કંપનીઓમાં પોલિસ વેરિફિકેશન વગર કામ કરતા પરપ્રાંતિય (અન્ય રાજ્યમાંથી આવેલા) કામદારોની તપાસ હાથ ધરી છે દરમિયાન નિરામય કેમિકલમા આવા કામદારો મળી આવતા. સુરત ખાતે રહેતા કંપનીના માલિક સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધાયો છે.

## ચેકિંગ દરમિયાન નિરામય કેમિકલ કંપનીમાં પોલિસ વેરિફિકેશન વગર ૮ પરપ્રાંતિય કામદારો કામ કરતા હોવાનુ બહાર આવ્યુ

મળતી વિગતો મુજબ ઝઘડિયા જીઆઈડીસી પોલીસની તપાસ દરમિયાન જીઆઈડીસીની નિરામય કેમિકલ કંપનીમાં નોકરીએ રાખેલ ૮ પરપ્રાંતિય કામદારોનું પોલીસ વેરિફિકેશન કરાવેલ ન હોવાનું જણાયું હતું,તેથી પોલીસે કંપનીના માલિક ફેનિલ દેવચંદભાઈ ભાયાણી (રહે.સરથાણા તા.કામરેજ જિ.સુરત) વિરુધ્ધ જાહેરનામા ભંગ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે ભરૂચ જિલ્લાના ઝઘડિયા, અંકલેશ્વર, પાનોલી અને દહેજસહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં કામ કરતા કામદારોમાં પરપ્રાંતિય કામદારોની સંખ્યા મોટાપ્રમાણમાં છે. રાજ્ય બહારથી આવેલ ઈસમોમાં કેટલાક ઈસમો અપરાધી માનસિકતા ધરાવતા હોય એવી સંભાવના રહેલી હોય છે,ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પડાયેલ જાહેરનામા મુજબ ઔદ્યોગિક કંપનીઓમાં કામ કરતા કામદારોનું પોલીસ વેરિફિકેશન કરાવવાનું હોય છે.

**DATE: 21/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# 4 અસામાજિક તત્વોના વીજ મીટર નહી મળતા રૂપિયા 2 લાખનો દંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસમાજિક ગુંડા તત્વો નું લિસ્ટ બનાવી તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સૂચના મળી હતી. જેથી વાલિયા પોલીસ વિભાગે અસમાજિક તત્વો નું લિસ્ટ બનાવી ને તેમના ઘરે વીજ જોડાણ તપાસવા માટે વીજ વિભાગની ટિમ સાથે પાંચ ઈસમોના ઘરમાં તપાસ કરવામાં આવી હતી. જેમાં ચાર ઈસમો ભાવેશ વસાવા, વિક્કી ઉર્ફે વિકાસ વસાવા, સુનિલ ઉર્ફે ગટી વસાવા, લાલુ ઉર્ફે માયા ડોન વસાવા ના વીજ જોડાણ તપાસ કરવામાં આવતા. તેમના ઘરે વીજ મીટર હતા નહીં અને લંગરીયા નાખી ને વીજ વપરાશ કરતા હતા. જેથી સ્થળ ઉપરથી સર્વિસ વાયર જમા લઈને વીજ વિભાગ ના નિયમ મુજબ અંદાજે 1.80 લાખ થી 2 લાખ સુધીનો દંડ વસૂલવામાં આવશે.

**DATE: 21/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# સસરા-જમાઈની જોડીએ ભરૂચમાં સુપર માર્કેટ ફ્લેટમાં લાખોની ચોરીને અંજામ આપ્યો હતો

**એલસીબી** પોલીસે જમાઈને ઝડપી પાડ્યો, ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૬ ગુનાઓમાં સામેલ

ભરૂચઃ એકાદ મહિના પહેલાં ભરૂચ સુપર માર્કેટમાં આવેલા ફ્લેટમાં સોના-ચાંદીના દાગીના સહિત રોકડા મળીને રૂ.12.35 લાખની ચોરી થઇ હતી. જે બાબતે ભરૂચ LCB પોલીસે ઝીણવટભરી રીતે તપાસ કરીને એક પરપ્રાંતીય સૂત્રધારને પકડી પાડ્યો હતો. ઝડપાયેલો આરોપી મહારાષ્ટ્ર અને ગુજરાતમાં 6 ગુનામાં સંડોવાયેલો છે.

ભરૂચ સુપર માર્કેટમાં આવેલા ફ્લેટમાં તા.17મી એપ્રિલે દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હતી. જેને લઈને ભરૂચ પોલીસે CCTV ફૂટેજ, ટેકનીકલ સ્ટાફ સહિત ઝીણવટભરી તપાસ આદરી હતી. ભરૂચ LCB પોલીસે સોર્સીસ આધારે જાણવા મળી હતી કે ભરૂચ સુપર માર્કેટ ફ્લેટમાં ચોરીમાં સંડોવાયેલ રાહુલ સીલ્વરાજ મુપનાર (ઉં.વ.35) (રહે., યાદવ ચોળ, ઈશ્વરનગર, ઈસ્ટ વસઈ, પાલઘર)એ ભરૂચમાં આવેલો છે. ભરૂચ ST ડેપો પાસે ફ્રુટ બજારમાં આંટાફેરા મારે છે. જેથી પોલીસે તેને જઈને ઝડપી પાડ્યો હતો.

પોલીસની પૂછપરછમાં ભાંગી પડેલા આરોપીએ ઘટસ્ફોટ કર્યો હતો કે પોતે સસરા શિવા ચિનપ્પા ધોત્રે (રહે., કર્ણાટક) ભંગારનો ધંધો કરીને ચોરી પણ કરતા હતા. સસરા-જમાઈએ ભેગા મળીને અનેક ચોરીઓ કરી હતી અને એક મહિના પહેલાં બંને જણાએ મોટરસાઈકલ પર સુરત આવીને બીજા દિવસે ભરૂચ સુપર માર્કેટ ફ્લેટમાં ચોરી કરીને વિરાર જતાં રહ્યા હતા. આ ઘટના પછી પંદર દિવસે ફરીવાર બંને જણાએ મોટરસાઈકલ પર વલસાડ ST સ્ટેશનનાં ફ્રુટ માર્કેટ પાસે એક ફ્લેટમાં દાગીના અને રોકડા મળીને કુલ રૂ.2 લાખની ચોરી કરી હતી. જેમાં મોટરસાઈકલ બાબતે પૂછતાં શંકર રાજેશ કાલે (રહે., નાલાસોપારા, મહારાષ્ટ્ર)એ ચોરી કરી છે.

પોલીસે ભરૂચ, વલસાડમાં બે ઘરફોડ ચોરી અને મહારાષ્ટ્રનાં વાલીવમાં એક મોટરસાઈકલ મળીને કુલ ૩ ગુનાની કબૂલાત કરી લીધી છે. પોલીસે તેમના સસરા અને અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે રૂ.80 હજાર રોકડા કબજે કર્યા છે. ભરૂચ એ ડિવિઝન પોલીસને સોંપી વલસાડ અને મહારાષ્ટ્રના વાલીવ પોલીસને જાણ કરવામાં આવી છે.

DATE: 21/05/2025 CATEGORY: GREEN
E-PAPER GUJARAT SAMACHAR PAGE-01

# અંકલેશ્વરમાં રૂ.૧૩.૬૬ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો

અંકલેશ્વર તા.૨૦

**અંકલેશ્વરના ગડખોલ પાટિયા વિસ્તારની માયાનગરી સોસાયટીમાં થયેલી ઘરફોડ ચોરીના કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે.હાંસોટના લલિતસાગર વિસ્તારના રહેવાસી અમરજીતસિંગ સુરજીતસિંગ સિકલીગરને ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો છે**

## સિકલીગર ગેંગનો ઈસમ ઝડપાયો : ગડખોલ પાટિયા વિસ્તારની માયાનગરી સોસાયટીમાંથી ચોરી થઈ હતી

ગત તા. ૧૨મી મે ના રોજ માયાનગરી સોસાયટીના મકાન નંબર બી-૧૩માં રહેતા નિવૃત્ત ચંદ્રેશ્વર યાદવના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ.ચંદ્રેશ્વર યાદવ ગ્રાઉન્ડ ફ્લોરનું તાળુ મારીને ઉપરના માળે સૂવા ગયા હતા.રાત્રિ દરમિયાન આરોપીએ મકાનમાં પ્રવેશ કર્યો હતો અને કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧૩.૬૬ લાખની માલમત્તાની ચોરી કરી હતી.આ ચોરીની ફરિયાદ બી ડિવિઝન પોલીસ મથકે નોંધાયી હતી.ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી બી ડિવિઝન પોલીસને સોંપ્યો હતો.પોલીસે આરોપી અન્ય કોઈ ચોરીના ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી છે.

**DATE: 22/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# ચેઈન સ્નેચિંગની ઘટનામાં બે મહિલાની ધરપકડ

ભરૂચ: વિતેલા સોમવારના બપોરના સમયે ઝાડેશ્વર રોડ પર બ્લ્યુ કલરની હોન્ડા મોપેડ પર આવેલા બે શખ્સો મહિલાના ગળામાંથી દોઢ તોલાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે મોપેડ ભરૂચના ફાટા તળાવ વિસ્તારના સલમાન ગુલામ રસુલ શેખનું છે. તેના સાથીઓમાં મોહસીન રફીક અંસારી અને ફૈઝાન ઉર્ફે પંડિત સામેલ હતા. ગુના બાદ તેઓ ચોરીની ચેઈન સલમાનની માતા અને પત્નીને આપીને ફરાર થઈ ગયા હતા. પોલીસે સલમાનની માતા ફાતેમા શેખ અને પત્ની તનવીરા શેખને પકડી લીધા હતા. સલમાન ચોરીની વસ્તુઓ ઘરે વેચવા મૂકી જતો હતો. આરોપી સલમાન ગુલામ રસુલ શેખ, મોહસીન રફીક અંસારી અને ફૈઝાન ઉર્ફે પંડિત હજુ ફરાર છે.

# પાનોલીનો 6 મહિનાથી વોન્ટેડ બૂટલેગર ઝડપાયો

અંકલેશ્વર । અંકલેશ્વર પાનોલી જીઆઈડીસી પોલીસ મથકે 6 મહિના થી વોન્ટેડ સારંગપુર નવીનગરી ના રોહિત દલસુખ વસાવાને તેના ઘર પાસેથી ઝડપી પાડ્યો હતો. . રોહિત વસાવા વિરુદ્ધ જીઆઈડીસી પોલીસ મથકમાં પણ પ્રોહિબિશન નો ગુનો નોંધાયેલ છે. ત્યારે ઝડપાયેલ રોહિત વસાવા સામે ગત 11 મી નવેમ્બરે કામધેનુ એસેટ 2માં આવેલ ગોડાઉનનું શટરનું તાળું તોડી બિનઅધિકૃત રીતે પ્રવેશ કરી દારૂ સંતાડ્યો હતો. પાનોલી પોલીસે 19 લાખનો દારૂ જથ્થો ઝડપી પાડ્યો હતો.

**DATE: 22/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### સીસીટીવી ફૂટેજના આધારે લૂંટના ગુનાનો પર્દાફાશ

# વાગરા જ્વેલર્સની લૂંટનો આરોપી ઝડપાયો

## રૂા.૧૦ લાખ સટ્ટા અને ઓનલાઈન ગેમિંગમાં હારી જતાં લૂંટનો પ્લાન કર્યો

। વાગરા ।

વાગરાના બજારમાંથી બપોરના સમયે સોનાની લૂંટ નો બનાવ બનતા લૂંટ ચલાવનાર ઈસમ ને શોધમાં પોલીસે રાત દિવસ એક કરી નાંખ્યા હતા.જો કે સમયસર કરેલ મહેનત વાગરા પોલીસ ને ફ્રી હતી.પોલીસે વાગરા નજીકના એક ગામમાંથી ગણતરીના કલાકોમાં એક ઈસમ ને ઝડપી પાડવામાં સફળતા હાથ લાગી હતી.પોલીસે લૂંટારુંને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વાગરામાં ગત સોમવાર ની બપોરે એક સોની ની દુકાનમાંથી સોનાની લૂંટનો બનાવ બનવા પામ્યો હતો. ધોળે દિવસે અને ધમધમતા બજારમાં થયેલ લૂંટ ને પગલે પોલીસ હરકત માં આવી હતી. વાગરા પી.આઈ એસ.ડી ફુલતરીયા તેમની ટીમ સાથે વાગરા નગર સહિત આસપાસના વિસ્તારમાંથી સીસીટીવી ફૂટેજ ની એક પછી એક ચકાસણી કરવાનું ચાલુ કર્યુ હતુ.પોલીસે સોનુ લૂંટી ફરાર થનાર લૂંટારું કઈ દિશામાં ભાગ્યો છે એ તરફના કેમેરા ચકાસી ગુનેગાર ને ઝડપી પાડવા કમર કસી હતી. પોલીસે આમોદ તાલુકાના રોઝા ટંકારીયા ગામના રાકેશ જશુભાઈ પ્રજાપતિ ઉ.વ ૩૦ ને શંકાના આધારે ઝડપી પાડ્યો હતો. વાગરા પોલીસે રાકેશની સઘન પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો. તેણે વાગરા સોનીની દુકાનમાં લૂંટ કરી હોવાની કબૂલાત કરી લીધી હતી. રાકેશ ઓનલાઈન ગેમિંગના રવાડે ચડી જતા દશ લાખ ગુમાવવાનો વારો આવ્યો હતો.જેને પગલે તેણે ગુમાવેલા પૈસા રિકવર કરવા વાગરા સોની ની દુકાન ને નિશાન બનાવી હતી.

**DATE: 22/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરની પ્રતિન ચોકડી વિસ્તારમાં ચેકિંગ, 82 હજારનો સામાન જપ્ત

# સરકારની ગાઈડલાઈનનું પાલન નહિ કરનારા બે વેપારીઓ સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં બિન અધિકૃત રીતે બીડી અને તમાકુનું વેચાણ કરતા 2 સ્ટોર માલિક સામે ગુનો દાખલ કર્યો હતો. ગુજરાત જનરલ સ્ટોર અને મોડર્ન સ્ટોરમાં બીડી ઉપર તથા તમાકુ પર ના પેકિંગ પર તમામ ઉત્પાદન પેકેજો ગાઈડ લાઈનનું પાલન ના કરતા કાર્યવાહી હતી. અને બને વેપારી ની ધરપકડકરી રૂ.82 હજારનો મુદ્દામાલ જપ્ત હતો.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે બે પાન મસાલાના સ્ટોરમાં સરકારની ગાઈડલાઈન મુજબ બીડી અને તમાકુનું વેચાણ ન કરતા બે વેપારીઓ સામે કાર્યવાહી કરી કાયદાનોકોરડો વીંઝાયહતો.બી ડિવિઝન પોલીસ મથકના સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે પ્રતિન ચોકડી પાસે આવેલ ગુજરાત જનરલ સ્ટોર અને મોડર્ન સ્ટોરમાં બીડી ઉપર તથા તમાકુ પર ના પેકિંગ પર તમામ ઉત્પાદન પેકેજો પર કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ ચિત્ર દર્શાવેલ હોય છે.તેમ છતાં સ્ટોર વધારે ચિત્ર ઈમેજ-2 વિના અને જૂની ઈમેજ વાળું તમાકુ વેચાણ કરતો હોવાનું જણાય આવતા પોલીસે બંને સ્થળોએથી 82 હજારથી વધુનો બીડી અને તમાકુનો જથ્થો કબ્જે કર્યો હતો.અને ભરૂચના જૂની કોર્ટ પારસીવાડ ખાતે રહેતો તોફિક હનીફ બરફવાળા અને અકીબ હનીફ મેમણને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 23/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

# આમોદ સોનામા તળાવની પાળ પરથી પાંચ જુગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ ગામના સોનામા તળાવની પાળ પર બુધવારે સાંજના સમયે જાહેરમાં પત્તા વડે હાર જીતનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી આમોદ પોલીસને મળતા 5 જુગારીને ઝડપી પાડયાં હતાં. સોનામા તળાવની પાળ પર હાર જીતનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે તાત્કાલિક પોલીસેતળાવની પાળ પર રેડ કરાતા પ્રવિણ વસાવા,પંકેશ વસાવા, પ્રભાત વસાવા,નરસિંહ વસાવા અને રોહિત વસાવા તમામ સોનામાં ગામને જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડી દાવ પરના અને અંગ ઝડતી ના મળી કુલ 1,860 રૂ.નો મૃદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

**DATE: 23/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# આંબોલી ગામ પાસે આવેલા ખેતરના બંધ મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા. ૨૨

અંકલેશ્વર તાલુકાના આંબોલી થી ઉમરવાડા તરફ જવાના માર્ગ ઉપર ખેતર માં આવેલા બંધ મકાનમાંથી અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસે કુલ રૂ. ૫૬,૪૦૦નો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.પોલીસે આંબોલી ગામના અજય છિતુભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

પોલીસે આંબોલી ગામના અજય છિતુભાઈ વસાવાએ આંબોલી ગામની સીમમાં આંબોલીથી ઉમરવાડા ગામ તરફ જવાના રોડ ઉપર કેનાલવાળા રસ્તાથી થોડે અંદર રાજુભાઈ નાયકના નીલગીરીના વાવેતરવાળુ ખેતર આવેલુ છે.જે ખેતરમાં મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે.જેવી બાતમીના આધારે રેઈડ કરતા ત્યાંથી દારૂ કુલ રૂ.૫૬,૪૦૦ નો જથ્થો કબજે લીધો હતો.પોલીસે દારૂનો જથ્થો વેચાણ કરવાના ઈરાદે સંતાડનાર આંબોલી ગામના અજય છિતુભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

**DATE: 23/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સીસીટીવીમાં દેખાયેલી બાઇક અને મોબાઇલના આધારે ઓળખ થઇ

# અંકલેશ્વર હાઈવે પર કારચાલકની રૂા. 7.78 લાખની મતાની ચોરીમાં 4 આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

નવસારી ના બીલીમોરા ખાતે રહેતા અને વલસાડના બાલાજી વેફર્સના પ્લાન્ટ માં રહેતા સિનિયર ઓફિસર કલ્પેશ શાહ14 મી તારીખે કાર લઈને જતાં હતાં. તે દરમિયાન ઉંઘ આવતાં અંકલેશ્વર નજીક સર્વિસ રોડ પર કાર પાર્ક કરીને સૂઈ ગયા હતાં.તે દરમિયાન તેમણે પહેરેલા દાગીના, મોબાઈલ તથા એસેસરીઝ મળી કુલ 7.78 લાખની મત્તાની ચોરી થઈ હતી. પોલીસે અલગ અલગ સીસીટીવી ફૂટેજ મેળવી ચકાસતા લાભેશ્વર માર્બલ સામે સર્વિસ રોડ ઉપર ચોરી થઈ હોવાનું જોવા મળ્યું હતું. જ્યાં નજીક ના સીસીટીવી ફૂટેજ મેળવી ટેક્નિકલ એનાલિસ્ટ કરતા એક શંકાસ્પદ બાઈક પર બે ઈસમોઅને અન્ય બે ઈસમ ચલતા જતા નજરે પડ્યા હતા. જેમાં બાઈક નંબર અને ચોરી થયેલ મોબાઈલનું ટેક્નિકલ સર્વેલન્સ શરુ કર્યું હતું. જેના આધારે રોયલ રેસિડેન્સીખાતે રહેતા ભંગારીયા અલ્તાફ ઉર્ફે મોનુ જાવેદ ખાન, સાંઈ દર્શન સોસાયટી ખાતે રહેતા ખેતલા આપા હોટલના વિપુલ પુનાગમારા ,અંસાર માર્કેટ ખાતે રહેતા ભંગારના દલાલ નૂરઆલમ, બદરુદ્દીન મનીહારઅને ન્યુ ઈન્ડિયા માર્કેટ માં મજૂરી કામ કરતા જીકરાન ઉર્ફે જીકાન ઈમરાન કુરેશી ને ઝડપી પાડ્યા હતાં. તેમની પાસેથી કુલ 4.35 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા બે ઈસમો સામે અંકલેશ્વર અને કોસંબા ખાતે પણ ગુના દાખલ ઝડપાયેલ ભંગાર ના દલાલ નૂરઆલમ,બદરુદ્દીન મનીહાર સામે પાનોલી અને કોસંબા પોલીસમથકે ચોરી અને મારામારી ગુનાદાખલ છે. તો વિપુલ ગમારા સામે બી ડિવિઝન પોલીસ મથકે મારામારીઅને રોયટરીનો ગુનો દર્જ છે.

**DATE: 24/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

## અંકલેશ્વર ઉમરવાડા ગામ પાસે

# કતલ કરવાના ઈરાદે બાંધી રાખેલી બે ગાયને પોલીસે મુક્ત કરાવી

અંકલેશ્વર તા.૨૩

અંકલેશ્વરના ઉમરવાડા પાસે ઝાડીઝાંખરામાં કતલ કરવાના ઈરાદે શંકાસ્પદ હાલતમાં ક્રરતા પૂર્વક બાંધી રાખેલી બે ગાયોને પોલીસે મુક્ત કરાવી હતી.પોલીસે બંને ગાયોને સલામતી પુર્વક પાંજરા પોળ ખાતે મોકલી દીધી હતી.

અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે પોલીસે સુરતી ભાગોળથી ઉમરવાડા ગુજરાત ગેસ ઓફિસ તરફ ઝાડીઝાંખરામાં તપાસ કરી હતી,પોલીસ તપાસમાં અજાણ્યા ઈસમે બે ગાયને ક્રરતા પૂર્વક બાંધી રાખી હતી.

પોલીસે ગાયને સુરક્ષિત રીતે મુક્ત કરાવી પાંજરાપોળ ખાતે મોકલી આપી હતી,અને અજાણ્યા ઈસમ વિરુદ્ધ બે ગાયને કતલ કરવાના ઈરાદે બાંધી રાખી હોવાની શંકાને આધારે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી હતી.

**DATE: 24/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હાંસોટમાંથી ઝડપાયેલાં સાગરીતે ચોરીના ગુનાની કબૂલાત કરી

# ભડકોદ્રા રાધે પાર્કમાં સીકલીગર ગેંગે 3.19 લાખની ધાપ માર્યાનો ઘટસ્ફોટ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાનાભડકોદ્રા ગામ ખાતે આવેલ રાધે પાર્કમકાન નંબર 103 માં રહેતા પાલ રાજકરણ પાલ દિલ્હી ખાતે સામાજિક પ્રસંગમાં ઘર બંધ કરી ગયા હતા તે દરમિયાન તારીખ 26 મી એપ્રિલ 2025 ના રોજ તસ્કરોતેમના બંધ મકાનને નિશાન બનાવી 3.19 લાખની મત્તા પર હાથફેરો કરી ગયા હતા.તાજેતરમાંભરૂચ એલસીબી પોલીસે હાંસોટથી



રીઢા સીકલીગર ગેંગના ચોરઅમરજીતસીંગ સીકલીગર ને ઝડપી પાડ્યો હતો. તેને ગડખોલ માયાનગરી ખાતે થયેલ 13 લાખ ઉપરાંત નીચોરી માં તેની ધરપકડ કરીબી ડિવિઝન પોલીસ ના હવાલે કર્યો હતો. રિમાન્ડ દરમિયાન પૂછપરછ માં ભડકોદ્રા ગામ ખાતે આવેલ રાધે પાર્ક ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. જે આધારે તેના રિમાન્ડ પૂર્ણ થતાંજ જીઆઈડીસી પોલીસટ્રાન્સફર વોરંટમેળવી તેની ધરપકડ કરી વધુ પૂછપરછ શરુ કરી હતી.ચોરી માં અન્ય સાથીદારો કોણ કોણ છે અને ચોરી ને કઈ રીતે અંજામ આપ્યો હતો તે અંગે રિમાન્ડ મેળવવા નીકવાયત શરુ કરી હતી.

**DATE: 24/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# કુખ્યાત કંજર ગેંગના સાગરીતની ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી

। અંકલેશ્વર ।

અંકલેશ્વર અને પાનોલીમાં ટ્રક ડ્રાઈવર તેમજ અન્ય વાહન ચાલકોને માર મારી ધાડના ગુનાને અંજામ આપનાર કુખ્યાત કંજર ગેંગના સાગરીતની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.આ સાથે જ પોલીસને પાંચ ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે, પાનોલી અને અંકલેશ્વર વિસ્તારમાં એક વર્ષ અગાઉ હાઈવે પર ટ્રક ડ્રાઈવર તથા રાહદારીઓને ઉભી રખાવી હાઈવે નજીકમાં અવાવરૂ જગ્યાએ ખેંચી લઈ જઈ માર મારી ધાડ કરતી કંજર ગેંગ પકડાઈ હતી. આ કંજર ગેંગનો સાગરીત રામલાલ શેતાનીયા (કંજર) છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો છે અને તે અંકલેશ્વરમાં વાલીયા ચોકડી ખાતે જોવામાં આવ્યો છે. જેથી એલ.સી.બી. ટીમે વોચ ગોઠવી આરોપીને વાલીયા ચોકડી નજીકથી ઝડપી પાડી તેની પુછપરછ કરતા તે એક વર્ષ અગાઉ કંજર ટોળકી સાથે હતો અને તેની સાથેના માણસો પકડાઈ જતા તે કોસબાથી ભાગી ગયેલો હોવાનું બહાર આવ્યું હતું.

**DATE: 25/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચનો યુવાન ગઠિયાઓની જાળમાં ફસાયો, રાજકોટના ખાતાધારકની પોલીસે ધરપકડ કરી

# તગડો નફો મેળવવા જતાં 36.59 લાખ ગુમાવી દીધાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ઈ-કોમર્સ ફ્રોડના કેસમાં રાજકોટના અરજણ ઉર્ફે અજય વિઠ્ઠલ આસોદરીયાની ધરપકડ કરી છે.

આરોપી સામે રૂ.36.59 લાખની છેતરપિંડીનો આરોપ છે.શક્તિનાથ વિસ્તારના મેહુલ પ્રજાપતિએ 9 જાન્યુઆરી 2025ના રોજ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ એક મેટ્રોમોનીયલ વેબસાઈટ પર ફેક પ્રોફાઈલ સાથે સંપર્ક કર્યો હતો. ત્યારબાદ એક ઈ-કોમર્સ વેબસાઈટ પર ઓછા રોકાણે વધુ નફાનું આકર્ષણ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં નફાની રકમ ખાતાધારકના ખાતામાં જમા કરાવીને ફરિયાદી વિશ્વાસ જીત્યો હતો. બાદમાં વધુ નફો મળ્યો હોવાના મેસેજ કરી નફાની રકમ મેળવવા અમુક ડોલર ભરવા પડશે તેમ કહી એકાઉન્ટ બ્લોક કરી દીધું હતું.

એકાઉન્ટમાંથી વધારે પૈસા કાઢવાની લાલચમાં યુવાને ગઠિયાઓને 36.59 લાખ રૂપિયા આપી દીધાં હતાં. પોતે છેતરાયો હોવાનું લાગતાં યુવાને સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસમાં આ તમામ રૂપિયાયુકો બેંકના બે એકાઉન્ટમાં લાખ જમા થયાની માહિતી મળી હતી.

આ એકાઉન્ટ ધારક અજય આસોદરીયાની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અગાઉથી અનેક સાયબર ફ્રોડના કેસમાં સંડોવાયેલો છે. રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં પણ તે વોન્ટેડ છે.



## આરોપીએ 22 બનાવટી ખાતાઓ ખોલાવ્યાં

આરોપીએ તેના સાગરિતો સાથે મળી 22 નકલી બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા. લોકોના દસ્તાવેજો અને સિમકાર્ડનો ઉપયોગ કરી આ ફ્રોડ આચર્યો હતો. દરેક એકાઉન્ટ માટે રૂ.11,000 કમિશન લેવામાં આવતું હતું અને રૂ.10,000 લોન પેટે આપવામાં આવતા હતા. પોલીસે અન્ય આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

**DATE: 25/05/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-03**

# અંકલેશ્વરમાં રિક્ષામાં વૃદ્ધાના સોનાના દાગીના સેરવીને ફરાર ઠગ મહિલા સહિત બે ઝડપાયા

**અંકલેશ્વર** પોલીસે સુરતની લાજપોર જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી કાર્યવાહી હાથ ધરી

અંકલેશ્વર : અંકલેશ્વરમાં રિક્ષામાં બેસેલી વૃદ્ધ મહિલાને વાતોમાં ફસાવીને તેણીએ પહેરેલા સોનાના ઘરેણા ચાલાકી કરી સેરવી પલાયન થઈ ગયેલી ઠગ મહિલા સહિત બેની પોલીસે ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અંકલેશ્વર શહેરના પંચાટી બજાર ખાતે રહેતા 74 વર્ષીય વૃદ્ધ મહિલા અરુણાબેન રાણા અંકલેશ્વરના હનુમાન વાડી ખાતે ભંડારામાં જઈ રહ્યા હતા. તે દરમિયાન માર્ગમાં તેઓને એક રિક્ષામાં સવાર બે ભેજાબાજો ભટકાઈ ગયા હતા. જેમાં એક રિક્ષા ચાલક અને અન્ય એકે બુરખો પહેર્યો હતો. વૃદ્ધ મહિલાને પોતાની વાતોમાં ફસાવીને તેણીએ પહેરેલા સોનાના ઘરેણા એક રૂમાલમાં બંધાવ્યા હતા અને હાથ ચાલાકીથી રૂપિયા 1.17 લાખની કિંમતના દાગીના લઈને ફરાર થઈ ગયા હતા. ઘટના અંગે અરુણાબેન રાણાએ શહેર એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર ગઠિયાઓનુ પગેરુ શોધવાની કવાયત હાથ ધરી હતી. દરમ્યાન સુરત ખાતે આજ પ્રકારના અન્ય ગુનામાં ઝડપાયેલી મહિલા સહિત અન્ય એક ઠગ સુરતની લાજપોર જેલમાં જ્યુડીશયલ કસ્ટડીમાં હતા. તેમની સંડોવણી બહાર આવતા અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ટ્રાન્સફર વોરંટથી તેમનો કબ્જો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આ ગુનામાં સામેલ ઠગ મહિલા સના પરવીન ગુલામનબી શેખ તેમજ રીક્ષા ચાલક મોહમ્મદ અસ્પાક શેખ (બંને રહે. સુરત) ને અટકમાં લીધા હતા.